# ગ્રાહક જાગરૂકતા

ચૈતન્ય ઈન્ડિયા ફિન ક્રેડિટ પ્રાઈવેટ લિમિટેડ **("ધ કંપની"" અથવા "CIFCPL),** 12 નવેમ્બર, 2021 ના રોજ (**RBI IRACP ના ધોરણોનું** સ્પષ્ટીકરણ) મુજબ સમયાંતરે સુધારેલા અને/અથવા આવશ્યકતા મુજબ/ RBI દ્વારા નિર્દેશિત કરવામાં આવેલ, આવકની ઓળખ, સંપત્તિ વર્ગીકરણ અને એડવાન્સિસને લગતી જોગવાઈઓ પરના પ્રુડેન્શિયલ ધોરણો પર RBI સ્પષ્ટતાના પાલનમાં, સુવિધાને ઓવરડ્યુ (મુદત વીતી ગયેલ), SMA/NPA તરીકે વર્ગીકૃત અને સૂચિત કરવાની રહેશે. આવા ખાતાઓના હવે પછીના અપગ્રેડેશનને પણ ઉપરોક્ત સ્પષ્ટતા દ્વારા માર્ગદર્શન આપવામાં આવશે.

કંપની દ્વારા આ પ્રકારનું વર્ગીકરણ અને અપગ્રેડેશન કઈ રીતે હાથ ધરવામાં આવશે તે નીચે દર્શાવેલ છે.

- ઓવરડ્યુ (મુદત) ની તારીખ:

અગર ડે-એન્ડ પ્રક્રિયાઓ ચાલી રહી હોય (આવી પ્રક્રિયા ચલાવવાના સમયને ધ્યાનમાં લીધા વિના) કોઈ ચુકવણી પ્રાપ્ત થઈ ન હોય તો ખાતાને ઓવરડ્યુ ખાતા તરીકે ટૅગ કરવામાં આવશે.

ઓવરડ્યુ ની તારીખ માટે ઉદાહરણ:

જો લોન એકાઉન્ટની નિયત આખરી તારીખ **30** એપ્રિલ, **20**** હોય, અને કંપની આ તારીખે ડે-એન્ડ પ્રક્રિયા કરે તે પહેલાં સંપૂર્ણ બાકી રકમ પ્રાપ્ત ન થાય, તો ઓવરડ્યુની તારીખ એપ્રિલ **30, 20**** ગણાશે.

- સ્પેશિયલ મેન્શન એકાઉન્ટ **(SMA)** અને નોન-પર્ફોર્મિંગ એસેટ **(NPA)** વર્ગીકરણ:

અગર કોઈ ખાતું તેની ડે-એન્ડ પ્રક્રિયા કરતા સમયે (નિયત કરેલ સમયરેખા મુજબ) ડિફોલ્ટ રહે તો કંપની તે ખાતાને **SMA** અથવા **NPA** જાહેર કરશે.

RBI IRACP ના નોર્મ ક્લેરિફિકેશનમાં આપવામાં આવેલ વર્ગીકરણ પરિમાણ નીચે મુજબ છે:

| ફરતી સુવિધાઓ સિવાયની લોન | |
|---|---|
| SMA ની પેટા-શ્રેણીઓ | વર્ગીકરણ માટેનો આધાર મુદ્દલ અથવા વ્યાજની ચુકવણી અથવા અન્ય કોઈપણ સંપૂર્ણપણે કે આંશિક પણે બાકી રહેલી રકમ. |
| SMA-0 | 30 દિવસ સુધી |
| SMA-1 | 30 દિવસ કરતા વધુ અને 60 દિવસ સુધી |
| SMA-2 | 60 દિવસ કરતા વધુ અને 90 દિવસ સુધી |

ઉદાહરણ:

**SMA-1** વર્ગીકરણ:

ઉપરોક્ત ઉદાહરણ મુજબ, જો કોઈ એકાઉન્ટ **30** મે, **20**** ની ડે-એન્ડ ની ચાલુ પ્રક્રિયા સુધી ઓવરડ્યુ રહે તો તેને **SMA-1** તરીકે વર્ગીકૃત કરવામાં આવશે.

**SMA-2** **વર્ગીકરણ:**

તે જ રીતે, જો ઉપરોક્ત એકાઉન્ટ **29 જૂન, 20**** ની ડે-એન્ડ ની ચાલુ પ્રક્રિયા સુધી ઓવરડ્યુ રહે તો તેને **SMA-2** તરીકે વર્ગીકૃત કરવામાં આવશે.

**NPA** **વર્ગીકરણ:**

ઉપરોક્ત એકાઉન્ટ જો **29 જુલાઈ, 20**** ની ડે-એન્ડ ની ચાલુ પ્રક્રિયા સુધી ઓવરડ્યુ રહે તો તેને **NPA** તરીકે વર્ગીકૃત કરવામાં આવશે.

- **NPA તરીકે વર્ગીકૃત ખાતાઓનું અપગ્રેડેશન**

એકવાર એકાઉન્ટને NPA તરીકે વર્ગીકૃત કરી દેવામાં આવે તે પછી, તે ચોક્કસ તારીખની ડે-એન્ડની પ્રક્રિયા કરતી વખતે ઉધારકર્તા દ્વારા વ્યાજની સંપૂર્ણ બાકી રકમ અને મુદ્દલની ચૂકવણી થયા બાદ જ તેને પ્રમાણભૂત સંપત્તિ તરીકે અપગ્રેડ કરવામાં આવશે.

પુનર્ગઠનને કારણે NPA તરીકે વર્ગીકૃત થયેલ ખાતાઓ માટે ઉલ્લેખિત હાલની સૂચનાઓ લાગુ થવાનું ચાલુ રહેશે.

- **કેસ સ્ટડી:**

| અનુ. ક્ર. | તારીખ | વિગત | રીમાર્કસ |
|---|---|---|---|
| 1. | 30 જૂન, 20** | ડે-એન્ડ પ્રક્રિયા ચાલી રહી હોય તે સમયે બિન-ચુકવણી. | ઓવર ડ્યુ ની તારીખ |
| 2. | 30 જુલાઈ, 20** | ડે-એન્ડ પ્રક્રિયા ચાલી રહી હોય તે સમયે બિન-ચુકવણી બાકી રહે છે. | એકાઉન્ટને SMA-1 તરીકે વર્ગીકૃત કરવામાં આવશે |
| 3. | 29 ઓગસ્ટ, 20** | ડે-એન્ડ પ્રક્રિયા ચાલી રહી હોય તે સમયે બિન-ચુકવણી બાકી રહે છે. | એકાઉન્ટને SMA-2 તરીકે વર્ગીકૃત કરવામાં આવશે |
| 4. | 28 સપ્ટેમ્બર, 20** | ડે-એન્ડ પ્રક્રિયા ચાલી રહી હોય તે સમયે બિન-ચુકવણી બાકી રહે છે. | એકાઉન્ટને NPA તરીકે વર્ગીકૃત કરવામાં આવશે |

NPA તરીકે વર્ગીકૃત થયેલ ખાતાને, જ્યારે ઉધારકર્તા તરફથી વ્યાજ અને મુદ્દલની સંપૂર્ણ બાકી રકમ પ્રાપ્ત થશે એટલે કે, જ્યારે પાસ્ટ ડ્યુ ના દિવસો ('DPD') 0 રહે, ત્યારબાદ જ પ્રમાણભૂત સંપત્તિમાં અપગ્રેડ કરવામાં આવશે.